# યજુર્વેદમાં યજ્ઞીય ઉર્જા

પ્રા. હસુમતીબેન ચેલાભાઈ પટેલ
વ્યાખ્યાતા,
સંસ્કૃત વિભાગ,
મ્યુનિ. આર્ટસ એન્ડ અર્બન બેંક સાયન્સ કોલેજ, મહેસાણા.

પ્રાચીન ભારતની યજ્ઞ સંસ્થા તથા યજ્ઞ-યાગાદિનાં વિધિવિધાનોના અધ્યયન અને અધ્યાપન માટે યજુર્વેદનું અભ્યાસીઓને હંમેશાં આકર્ષણ રહ્યું છે. યજુસનો એક અર્થ યજ્ઞ અથવા પૂજા થાય છે. પાણિનિએ યજ્ ધાતુમાંથી યજ્ઞની વ્યુત્પતિ કરી છે, આમ, યજુર્વેદને યજ્ઞ સાથે સંબંધિત ગણવામાં આવ્યો છે. આ યજુર્વેદની બે શાખાઓ શુકલ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ પ્રચલિત છે. આ બંને શાખાઓમાં કર્મકાંડ ઉપરાંત વિજ્ઞાન વિષયક કેટલીક શોધો, કેટલાંક રહસ્યો, કેટલીક શકિતઓ છૂપાયેલી હોય તેવું તેના અધ્યયનથી આપણે જાણી શકીએ છીએ. ઋગ્વેદ તો સ્પષ્ટ કહે છે કે, વિરાટ યજ્ઞ પુરૂષ દ્વારા આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. (પુરૂષ સુકત) આ સૃષ્ટિના પોષણ કે સંચાલન માટે વિરાટ યજ્ઞ પ્રકૃતિમાં ચાલતો રહે છે તેથી યજ્ઞને “यज्ञं वै श्रेष्ठतमं कर्म” કહી મનુષ્ય જીવનમાં યજ્ઞની ઉપાદેયતા તરફ અંગુલી નિર્દેશ કર્યો છે.

આ યજ્ઞ સાથે સમગ્ર પ્રાણી, માનવસૃષ્ટિ વગેરેની ક્રિયા જોડાયેલી છે. તેથી જ યજ્ઞને ‘वसुधैव कुटुम्बकम्’ની ભાવના વાળો કહ્યો છે. યજ્ઞમાંથી વિવિધ સ્વરૂપે ઉર્જા શકિત ઉત્પન્ન થાય છે. આ ઉર્જાશકિત જ સૃષ્ટિનું પોષણ કે સંચાલન કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. આવીજ એક શક્તિનું યજુર્વેદના કેટલાક મંત્રોમાં નિરૂપણ થયેલું છે. તે શકિત છે. યજુર્વેદમાં યજ્ઞીય ઉર્જા જે ઉર્જા સચરાચર જગતમાં અત્ર તત્ર સર્વત્ર વ્યાપ્ત છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારીએ તો કાર્ય કરવાની ક્ષમતાને ઉર્જા કહેવામાં આવે છે. વિશ્વમાં બનતી દરેક ઘટના કે ક્રિયાનું સંચાલન આ ઉર્જા શકિતથી થાય છે. આ ઉર્જા શકિતના વિવિધ સ્વરૂપો છે. જેવા કે યાંત્રિક ઉર્જા, રસાયણિક ઉર્જા, ઉષ્મા ઉર્જા, પ્રકાશ ઉર્જા, વિદ્યુત ઉર્જા, ધ્વનિ ઉર્જા વગેરે, આ ઉર્જાને ઉત્પન્ન કરી શકાતી નથી કે નાશ કરાતો નથી, પરંતુ એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતરિત કરી શકાય છે.

યજુર્વેદીય ઉર્જામાં પૃથ્વી અને અંતરિક્ષનું સંતુલન છે અને તે જ સંતુલિત સૃષ્ટિ આ યજ્ઞીય ઉર્જાચક્રને સંતુલિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઋષિ અગ્નિદેવને પ્રાર્થે છે.

अग्ने वेहेत्रि वेदूत्यमवतां त्वां धावापृथिवी अव त्वं धावापृथिवी ।
स्विष्टकृदेवेभ्यडइन्द्रड आज्येन हविषा भूत्स्वाहा सं ज्योतिषा ज्योति ॥ (યજુર્વેદ–અ. ૨–૯)

અગ્નિ જ દૈવી શકિતઓ સુધી હવિ ભાગ પહોંચાડે છે. દ્યુલોક તેમજ પૃથ્વીલોકની આપજ રક્ષા કરો છો અને જયોતિથી જયોતિનું એકીકરણ થાવ પૂ.રામશર્મા આચાર્યના શબ્દોમાં કહીએ તો યજ્ઞીય ઉર્જા શકિત જ પૃથ્વીનું સંતુલન કરે છે. આ યજ્ઞીય ઉર્જાથી પૃથ્વીલોક, ધ્યુલોકની રક્ષા અને પૃથ્વીના અગ્નિ અને સૂર્યરૂપી અગ્નિનું મિલન થાય છે. આમ પૃથ્વી અને

અંતરિક્ષના સંતુલન અને રક્ષામાં સૌરઉર્જા અને વિદ્યુતઉર્જારૂપી શકિત રહેલી છે. ઉર્જાની એકરૂપતા પૃથ્વીમાં અગ્નિરૂપે, અંતરિક્ષમાં વિદ્યુતરૂપે અને લોકમાં સૂર્યરૂપે પ્રતિત થાય છે. દેવતાઓને નિમિત્ત બનાવીને યજ્ઞ કરવા માટે ઉત્તમ સ્થાન પૃથ્વી છે. યજ્ઞવેદી પર અગ્નિદેવને સ્થાપિત કરાય છે. ત્રણ પ્રકારના અગ્નિથી પુત્રપ્રૌત્રાદિ પ્રાપ્તિ, મિત્ર પ્રાપ્તિ અને ધ્યુલોકમાં યશ વગેરે ઉપલબ્ધ થાય છે. આ ત્રણે ઉર્જા યજ્ઞીય અગ્નિમાંથી જ પ્રાપ્ત થાય છે, જેમ કે –

भूर्भुवः स्वद्यौरिव भूम्ना पृथिवीव वरिम्णा ।
तस्यास्ते पृथिवि देवयजनि पृष्ठेडग्निमन्नादमन्नाद्यायादधे ॥ (યજુર્વેદ–અ. ૩–૫)

અગ્નિદેવને સમર્પિત કરવામાં આવતા સ્તુતિમંત્રોમાં ધ્વનિઉર્જાના સંકેતો પ્રાપ્ત થાય છે.

उप प्रयन्तो अध्वरं मंत्रं वोचे माग्नेय ।
आरे अस्मे च शृण्वते ॥ (યજુર્વેદ–અ. ૩–૧૧

અર્થાત યજ્ઞની નજીક ઉપસ્થિત થતાં અમે દૂર સ્થાનથી પણ કથનને સાંભળનાર અગ્નિદેવને સ્તુતિમંત્રો સમર્પિત કરીએ છીએ. અહીં સાંભળવાનો  અર્થ ધ્વનિ તરંગોનો ભાવ ગ્રહણ કરવો. આમ અહીં ધ્વનિ તરંગોમાં રહેલી ઉર્જા શક્તિ પ્રગટ થાય છે. જે ધ્વનિ ઉર્જા છે.

આ મંત્રોમાં જળ ઉર્જાના ઉલ્લેખો થયેલા પણ જોવા મળે છે.

अग्निमूर्धा दिवः ककुत्पतिः पृथिव्या अयम् ।
अपा गुंग रेता गुंग सि जिन्वति || (યજુર્વેદ મા. ૩-૧૧)

અહીં અગ્નિદેવને ધ્યુલોકના સર્વોચ્ચ ભાગમાં રહીને જીવનનો સંચાર કરી ધરતીનું પાલન કરતાં તથા જળમાં જીવનશકિત દેખાય છે. જે સૌરઉર્જા અને જળઉર્જા તરફ સંકેત કરે છે, ઉર્જાના આ બે સ્ત્રોતો સૃષ્ટિની ગાડી ખેંચવામાં સમર્થ છે. સૂર્ય અને અગ્નિને બળદોના પ્રતિક દ્વારા અલંકારિક ભાષામાં કહ્યું છે કે, આપ સંપૂર્ણ બ્રહ્માંડને પોષણ આપનાર, ગાડીનો ભાર ખેંચવામાં સમર્થ, ઉત્સાહી, આંસુ ન પાડનાર, વીરોને કષ્ટ ન આપનાર અને બ્રાહ્મણોને યજ્ઞ માટે પ્રેરનાર છો (અ-૪-૩૩) સૂર્યદેવ સમગ્ર વિશ્વને ઉર્જા વહેંચે છે. એ દૃષ્ટિએ આપણે સૌ પણ સત્યમાર્ગના અનુગામી બનીને દૃષ્ટિવાળા થઈએ. આપણી શક્તિ સમગ્ર લોકકલ્યાણમાં વાપરીએ. (અ-૭-૪૫) યજ્ઞીય ઉર્જાથી પ્રકૃતિનું અનુકૂલન, પ્રાણરક્ષકરૂપ વાયુમંડળ વગેરેની સમતુલા થાય છે. પૃથ્વીના અગ્નિ અને સૂર્યની અગ્નિનો સુમેળ થઈને પ્રકૃતિની સમતુલા જળવાઈ રહી છે. પૂજય રામશર્મા આચાર્યએ અગ્નિનો અર્થ વિચારયુકત ચેતનશકિત કર્યો છે. યજ્ઞીય ઉર્જાથી અગ્નિને બોલાવવો,ધારણ કરવો, સંવર્ધન કરવો, સંપાદન કરવો અને જ્ઞાન પ્રાપ્તિ કરવી. આમ, યજ્ઞનો અર્થ ફક્ત અગ્નિ જ નથી પરંતુ ખરા અર્થમાં વિચારયુકત ચેતન શકિત છે. યજ્ઞીય ઉર્જાની સાથે દિવ્ય ઉર્જાનો સંયોગ પણ બતાવ્યો છે.

आगत्य वाज्यध्वानछं सर्वा मृधो विनुते ।
अग्नि छं सघस्थे महति चक्षुषा नि चिकीषते || (યજુર્વેદ—. ૧૧-૧૮)

બળવાન અને ચેતનાયુકત ઉર્જા યુધ્ધના વિનાશના કાર્યમાં ઉપયોગી થાય છે. યુધ્ધના સમયે કામ ન આવેતો તે ચેતનહીન અને શસ્ત્રધારી ઉપયોગ ન કરી શકે તો તે બળહીન ગણાય છે.

ખનીજતત્ત્વોના સંકેતની સાથે અગ્નિની શોધ અને ઉર્જા ઉત્પન્ન કરનારાને (કોલસો, કેરોસીન વગેરે) ખોદીને કાઢવાના ઉલ્લેખો પણ યજુર્વેદમાં પ્રાપ્ત થાય છે. જળઉર્જાના વિકાસ વિશે કહીએ તો અગ્નિદેવ સમુદ્રમાં વડવાનલ રૂપે, વાદળોમાં વિદ્યુતરૂપે, ધ્યુલોકમાં સૂર્ય રૂપે છે.

समुद्रे त्वा नृमणाडअप्स्वन्तर्नृचक्षाडईधे दिवोअग्नडऊधन् ।
तृतीये त्वा रजसितस्थिवा रंद समपामुपस्थे महिषा अवर्धन् ॥ (યજુર્વેદ–આ. ૧૨–૨૦)

અહીં જળ દ્વારા ઉર્જા વિકાસનું પ્રતિપાદન થયું છે. વિદ્યુત અને નાઈટ્રોજન ગેસના ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે.

अक्रन्ददग्निः स्तनयन्निव द्योः क्षामा रेरिहद्वीस्धः समग्जन् ।
सर्धा जज्ञानो वि हीमिद्धो अख्यदा रोदसी भानुना भात्यन्तः ॥ (યજુર્વેદ–અ. ૧૨–૨૧)

આ મંત્રમાં મેઘોમાં વિદ્યુત થવાથી નાઈટ્રોજન ગેસની ફળદ્રુપતા વધે છે, જેને વિજ્ઞાન પણ સ્વીકારે છે. અગ્નિને બાળનાર કહ્યો છે. પરંતુ ઉર્જાના પ્રયોગથી પર્યાવરણને નુકશાન થાય છે. સૂર્ય તો જગતનો આત્મા ગણાય છે. જો આત્મા નાશ પામે તો રક્ષા કોણ કરશે? આ પ્રશ્નના ઉત્તરમાં સૂર્યદેવ રૂપી અગ્નિને કહ્યું છે કે –સૃષ્ટિને નુકશાન ન પહોંચાડનારા તત્ત્વોને પીડિત ન કરો. યજ્ઞીય ઉર્જા નષ્ટ થતી નથી. તે દેવોના સ્થાન સુધી પહોંચે છે કે જ્યાં શ્રેષ્ઠ કર્મ કરનારી વ્યકિત રહે છે. ત્યાં સૂર્યદેવ યજ્ઞીય ઉર્જાને સ્થાપિત કરે છે. આ ઉર્જાથી સૃષ્ટિને પરાક્રમ, સુગંધ, આયુવર્ધક તત્ત્વો વગેરે પ્રાપ્ત થાય છે. યજ્ઞીય ઉર્જા દ્વારા સૂક્ષ્મ પ્રક્રિયા થાય છે. પોષણ આપનારી પ્રાકૃતિક શક્તિ, પ્રભાવિત શક્તિની પ્રેરણા, પોષક પ્રવાહને વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ કરવો, સુનિયોજિત કરવો વગેરે સૂર્યદેવ અદિતિ, સરસ્વતી, પૃથ્વી, બધી માતાઓ પાસેથી વિવિધ શકિત સંગઠિત કરે છે. યજ્ઞ દ્વારા સંગઠન શક્તિ આયુષ્યવર્ધક શક્તિ, વિદ્યાવર્ધક શકિત પ્રાપ્ત થાય છે. વર્ષા, વાયુથી પૃથ્વી ઉપર વસતા મનુષ્યો, પ્રાણીઓ વગેરેની પ્રાણ રક્ષા થાય છે.

આમ, યજ્ઞીય ઉર્જાનો સીમિત અર્થ ન લેતાં વિશાળ દૃષ્ટિકોણથી વિચારીએતો વેદમાં યજ્ઞના વિરાટ સ્વરૂપનું દર્શન સ્પષ્ટ થતું જોવા મળે છે. મનુસ્મૃતિમાં જ્ઞાન વિસ્તાર બ્રહ્મયજ્ઞ છે, તર્પણ પિતૃયજ્ઞ છે, હોમ વગેરે દેવયજ્ઞ છે, અતિથિઓની તૃપ્તિ મનુષ્યયજ્ઞ છે. મહાભારતમાં કહયું છે કે, શ્રેષ્ઠ કર્તવ્યોથી સમાજ વ્યવસ્થા અને વર્ણ વ્યવસ્થામાં શ્રેષ્ઠતા આવે છે. તે એક કર્મરૂપ યજ્ઞ છે. આમ યજ્ઞીય ઉર્જા વિશ્વ કલ્યાણ માટે અત્યંત જરૂરી છે. પૂ. રામશર્મા આચાર્ય વગેરે ઋષિઓએ આ પરિપેક્ષ્યમાં જ યજ્ઞને આવશ્યક માન્યો છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પણ આ મતનું સમર્થન કરે છે. અંતે યજ્ઞીય ઉર્જા સૌના કલ્યાણ માટે હો એ જ અભ્યર્થના.

## સંદર્ભ ગ્રંથો

1. યજુર્વેદ સંહિતા- વેદમૂર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રીરામ શર્મા આચાર્ય પ્રકાશક, બ્રહ્મવર્ગસ, શાંતિકુંજ, હરિદ્વાર, ત્રીજી આવૃત્તિ, ગુરૂ પૂર્ણિમા, સંવત-૨૦૫૩
2. निरुक्तम् - ભટ્ટ વસંતકુમાર મનુભાઈ (સંપાદક) પ્રકાશક: સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ તૃતીય પરિવર્તિત સંસ્કરણ-૧૯૯૭-૯૮

3. अष्टाध्यायी સંપાદક -પાઠક કિશોર
4. મહાભારત- સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ ૮ મી આવૃત્તિ, સંવત-૨૦૧૬, ઈ.સ.-૧૯૭૦
5. મનુસ્મૃતિ (અધ્યાય-૩) સંપાદક શાહ ગોવિંદલાલ, પ્રથમ આવૃત્તિ, સરસ્વતિ પુસ્તક ભંડાર, અમદાવાદ
6. વૈદિક સાહિત્યનો ઈતિહાસ- પ્રા. દેસાઈ જીતેન્દ્ર પાર્શ્વ પ્રકાશન – અમદાવાદ તૃતીય આવૃતિ-૧૯૯૨
7. ઋગ્વેદ મંડલ-૧૦ સંપાદક- અ.દે. શાસ્ત્રી. પ્રકાશક- યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત રાજય પ્રથમ આવૃતિ-૧૯૮૯